**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૩૮ ટકા ● સાંજે ૧૬ ટકા

# ક-૫ સર્કલ પાસે ટ્રેલરના ટાયર નીચે વૃધ્ધ ચગદાયા

## સવારે ચાલતા જતા વૃધ્ધને સર્કલના વળાંક પાસે અકસ્માત નડયો : ટ્રેલરના પાછળના ટાયર નીચે આવી ગયેલા સે-૨૪ના વૃધ્ધના પાંસળા બહાર આવી ગયા હતા

ગાંધીનગર, તા.૨૬

શહેરના ક-૫ સર્કલ પાસે વળાંક ઉપર આજે સવારના અરસામાં ૬૦ વર્ષીય વૃધ્ધ ટ્રેલરના પાછળના ટાયર નીચે જગદાઈ જતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી. સેકટર-૨૪નાં વૃધ્ધ ચાલતા જતા હતા ત્યારે વળાંક લેતા ટ્રેલરના ટાયર નીચે વૃધ્ધ આવી જતા અકસ્માત સર્જાયો હતો. સે-૨૧ પોલિસે ટ્રેલર ચાલક સામે ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. કરાવી આરોપી ડ્રાઈવરની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

પાટનગરમાં સેકટર-૨૪ ડબલડેકર ખાતે રહેતા અને મુળ કોલવડા ગામના વતની ૬૦ વર્ષીય વૃધ્ધ દ્વારકાદાસ કાળીદાસ પ્રજાપતિ આજે સવારે નવેક વાગ્યે ક-૫ સર્કલથી ચાલતા જઈ રહ્યા હતા. જીજે ૧૨ એ ઝેડ ૯૮૭૬ નંબરનું ટ્રેલર લઈને બેફામ ગતિએ નીકળેલા ડ્રાઈવરની ટ્રેલરથી અકસ્માત સર્જાતા ચાલતા જઈ રહેલા વૃધ્ધનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ટ્રેલરચાલકે ટ્રેલરનો વળાંક લીધો એટલામાં પાછળના ટાયર નીચે દ્વારકાદાસ કચડાઈ ગયા હતા. ભારેખમ ટ્રેલર શરીર ઉપરથી નીકળી જતા શરીરના ફુરચા ઉડીને પાંસળા પણ બહાર આવી ગયા હતા. ટ્રેલર થોડે આગળ પડતું મુકીને ડ્રાઈવર ત્યાંથી ફરાર થઈ ગયો હતો. સે-૨૧ પોલિસને ઘટનાની જાણ થતા સ્થળ પર પીએસઆઈ મહેરીયા પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી ટ્રેલર ચાલક સામે ગુનો દાખલ કરીને આરોપી ચાલકને પકડવા તપાસ શરુ કરવામાં આવી છે.







શહેરના સે-૨૭ ખાતે આવેલી ડીએસપી ઓફીસ બહાર આદીવાડા પાસેના રોડ ઉપર આજે બપોરના અરસામાં મારૂતિ વાન અચાનક સળગી ઉઠી હતી. જીજે ૧૮ એ.એ. ૪૧૨૨ નંબરની મારૂતિ વાન લઈને પંકજભાઈ નારણભાઈ પટેલ જીઆઈડીસીથી સે-૨૪ તરફ જઈ રહ્યા હતા ત્યારે સે-૨૭ ડીએસપી ઓફિસ બહારના રોડ પર અચાનક આ વાન ગાડીમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા. ગાડી સાઈડમાં કરીને ચાલક સમયસુચકતા દાખવીને ગાડીમાંથી ઉતરી ગયા હતા. બીજી તરફ કારે આગ પકડી લેતા નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયર ઓફીસર મહેશ મોડની ટીમ સ્થળ પર દોડી આવી હતી અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લઈ લીધી હતી.



ચૈત્ર મહિનાના પવિત્ર દિવસોમાં ઘણી જગ્યાએ કથા-પારાયણ તથા આનંદના ગરબાનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે શ્રીકૃષ્ણના પ્રપૌત્ર અનિરુદ્ધ અને બાણાસુરની દિકરી ઉષા પર પ્રેમાનંદ ભટ્ટ દ્વારા લખાયેલ પ્રખ્યાત ગુજરાતી આખ્યાન ઓખાહરણ કથાનું સેકટર-૩-એ ન્યુ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ભાવિકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

## વાતવાતમાં

● આગામી તા. ૨૮મીએ યોજાનાર બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચુંટણીઓમાં જરુરી પોલિસ બંદોબસ્ત અને સીસીટીવી કેમેરા સહિતની સુરક્ષા પુરી પાડવા અંગે પોલિસતંત્રને પત્ર લખી બાર કાઉન્સિલ દ્વારા વિનંતી કરવામાં આવી છે. આ પત્ર ડીજીપીને ઉદ્દેશીને લખવામાં આવ્યો છે. જેમાં પૂર્વ ડીજીપીનું નામ લખવામાં આવ્યું છે.

● કોબા ખાતે ભૂમાફિયા દ્વારા ખેડૂતની જમીન પચાવી પાડવાના કેસમાં જમિયતપુરાનો આરોપી તપાસમાં સહકાર આપતો નહોતો અને ઉપરથી આગોતરા જામીન લઈને પોલિસ સ્ટેશનેઆવ્યો હતો. આ સાથે તે પોલિસે તેને ઢોર માર માર્યો હોવાનો આરોપ લગાડી સિવિલ હોસ્પિટલમાં દાખલ થઈ ગયો છે.

● કલોલ શહેર પોલિસ દ્વારા કોર્ટમાં કેદી જાપ્તામાંથી કોર્ટનો વરંડો કુદીને ભાગી જનાર કેદીને ગાંધીધામથી ઝડપી લેવાયો છે. બીજી તરફ સાંતેજ પોલિસ દ્વારા ૪૪૦ નંગ સિમેન્ટની બોરીની ચોરીના કેસના આરોપીને દિલ્હીથી ઝડપી લેવામાં સફળતા મેળવી છે.

## ગુરુવારે શબ્દયાત્રા અંતર્ગત કવિ સંમેલનનું આયોજન

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આગામી તા. ૨૯મી માર્ચ ગુરુવારના રોજ સાંજે ૭ કલાકે શબ્દયાત્રા મારી ભાષા, મારું સાહિત્ય, મારું ગૌરવ અંતર્ગત કવિ સંમલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કવિ સંમેલન સે-૧૨માં ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે. જેમાં ગુજરાતના સુપ્રસિધ્ધ કવિઓ રાજેશ વ્યાસ 'મિસ્કીન', અનિલ ચાવડા, કનૈયાલાલ ભટ્ટ, રમેશ ઠકકર, પ્રજ્ઞા પટેલ, પ્રતાપસિંહ ડાભી 'હાકલ', રમેશ ચૌહાણ, નટવર હેડાઉ, રાવજી ગાભાણી, અક્ષય દવે, શૈલેષ પંડયા 'ભીનાશ' અને ડૉ. જયેન્દ્રસિંહ જાદવ તેમની કૃતિઓ રજૂ કરશે. કાર્યક્રમના ઉદઘાટકપદે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડયા ઉપસ્થિત રહેશે. આ કવિ સંમેલનનો વિષય 'આપણી વાણી પીપળ પાન, પોઢયા જાણે શ્રી ભગવાન' રાખવામાં આવ્યો છે.

# બીબીએ કોલેજના ૩૫ વિદ્યાર્થીઓનું ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા.૨૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ)નાં વિદ્યાર્થીઓનું બજાજ ફિનસર્વિસ પ્રા.લી માં ૪૫ દિવસ માટે "ઈન્ટર્નશીપ પ્લેસમેંટ" થયું છે. આ તાલીમ દરમ્યાન વિદ્યાર્થીઓને ફાઈનાન્સનાં સિદ્ધાંતોનું વાસ્તવિક અમલીકરણ કેવી રીતે કરવામાં આવે છે તે શીખવા મળશે.

બજાજ ફિનસર્વિસ એ નોન બેન્કિંગ ફાયનાન્સ કોર્પોરેશન છે. જે વિદ્યાર્થીઓ ને એક પ્રતિષ્ઠિત કંપનીમાં તાલીમ લેવા નો મોકો મળ્યો તે વિદ્યાર્થીઓ માટે અદભુત તક કહી શકાય. કંપની દ્વારા વિદ્યાર્થીઓને પ્રીઈન્ટર્નશીપ તાલીમ આપવામાં આવે છે. તેમજ ત્યાર બાદ ઈન્ટરવ્યું લીધેલ જેમાંથી ૩૪ની પસંદગી કરવામાં આવી હતી. જેઓને ૪૫ દિવસ ઈન્ટર્નશીપ તાલીમ સાથે ૭૦૦૦ રૂપિયા સ્ટાઈફન અને સર્ટીફીકેટ પણ આપવામાં આવશે. કંપની તરફથી સંકેતભાઈ, આકાશ ચાવલા,



મોહીત નાયક સેલ્સ મેનેજર અમદાવાદથી કોલેજ આવ્યા હતા અને વિદ્યાર્થીઓ ને પ્રી.ઈન્ટર્નશીપ તાલીમ આપી હતી.

અત્રે બજાજ ફિનસર્વિસ પ્રા.લીનાં માર્કેટીંગ તેમજ સેલ્સ અને અન્ય વિભાગનાં અધિકારીઓ દ્વારા વિદ્યાર્થીઓએ અભ્યાસકાળ દરમ્યાન કેવી સતર્કતા અને ચોક્કસાઈ કેળવવી જોઈએ તે અંગેની આયોજન બદ્ધ તાલીમ અપાઈ હતી. બૅકિંગ અને ફાઈનાન્સ ક્ષેત્રે આગામી દિવસોમાં મેનેજમેન્ટ સ્નાતકો માટે વિશાળ તકોનું સર્જન થવા જઈ રહ્યુ છે ત્યારે બેન્કર બનવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓમાં કૉર્પોરેટ અકાઉંટિંગનું જ્ઞાન, ફાઈનાન્શિલ ઍનાલિસિસ તેમજ વ્યાવસાયિક અભિગમ અને કૌશલ્ય વિકસે તે આજના સમયની માંગ છે. ઈન્ટર્નશીપમાં જોડાયેલ વિદ્યાર્થીના વાલીએ જણાવ્યું કે તેમનો પાલ્ય બીબીએના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે અને તેની યુનિવર્સીટી પરીક્ષા બાદ વેકેશનમાં તે કંપનીમાં ઈન્ટર્નશીપ તાલીમ મેળવશે અને ૬,૭૫૦ રૂપિયા નું સ્ટાઈફંડ તેમજ સર્ટીફીકેટ મેળવી વેકેશનનો સદુપયોગ કરશે.

કૉલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ, ટ્રેનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ. જયેશ જે. તન્ના, ડો. આશિષ ભુવા તેમજ પ્રો. નિવેદિતા રાવલ દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી.

# શેરથા રોડ ઉપર હીટ એન્ડ રન કારની ટકકરે મહિલાનું મૃત્યુ

## અમદાવાદનું દંપતિ મોપેડ લઈને કડીથી પરત જતા હતા ત્યારે અજાણી કારે ટકકર મારી હતી

ગાંધીનગર, તા.૨૬

અમદાવાદ ખાતે રહેતું દંપતિ ગઈ કાલે મોપેડ લઈને કડી ખાતે લગ્નપ્રસંગમાં હાજરી આપવા ગયું હતું. મોડી સાંજે પરત અમદાવાદ જઈ રહ્યું હતું ત્યારે આ દંપતિને શેરથા ટોલનાકા નજીક અકસ્માત નડયો હતો. બેફામ ગતિએ જતો કાર ચાલક મોપેડને ટકકર મારી કાર સાથે ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા પતિ-પત્નિને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા જયાં પત્નિનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલિસે અજાણ્યા કારચાલક સામે ગુનો નોંધી તેને પકડવા સીસીટીવી ફુટેજ મેળવવાની કાર્યવાહી શરુ કરી છે.

અમદાવાદના કાળુપુર વિસ્તારમાં રહેતા મુસ્તફાખાન સરદારખાન પઠાણ તેમના પત્નિ ફીરદોશબાનુને મોપેડ પાછળ બેસાડીને ગઈ કાલે કડી ગયા હતા. કડી ખાતે લગ્નપ્રસંગમાં હાજરી આપીને મોડી સાંજે મોપડ લઈ પતિ-પત્નિ પરત અમદાવાદ જવા નીકળ્યા હતા. દરમિયાન શેરથા ટોલટેક્ષ પાસે પાછળથી બેફામ ગતિએ આવતી અજાણી કારે તેમના મોપેડને જબરદસ્ત ટકકર મારી હતી અકસ્માત કરીને કારની સ્પીડ ડબલ કરી દઈ આરોપી ચાલક ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત પતિ પત્નિને તાત્કાલિક સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા જયાં સારવાર દરમિયાન ફીરદોશબાનુનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલિસે આ હીટ એન્ડ રન કેસમાં કાર ચાલક સુધી પહોંચવા તપાસ તેજ કરી છે.

# શહેરમાં પ્રેમ પ્રકરણની બે ઘટનામાં પ્રેમી-પ્રેમીકાની જાહેરમાં ધોલાઈ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના બે અલગ અલગ સ્થળો પર આજે ખુલ્લેઆમ પ્રેમી પંખીડાઓ પર મારામારીના બે કિસ્સા બન્યા હતા. ગ-૫ નજીક બનેલા બનાવમાં પ્રેમીકાના પરિવારજનોએ પ્રેમીની ધુલાઈ કરી હતી જયારે અન્ય એક બનાવમાં પૂર્વ પ્રેમીકાને નવ પ્રેમી સાથે એક કાર્યક્રમમાં જોઈ જતા પૂર્વ પ્રેમીએ પૂર્વ પ્રેમીકાની જાહેરમાં લાફાલુફી કરી ઝુડી નાંખી હતી. જાહેરમાં ઘટેલી ઘટનાને જોવા ટોળે ટોળા ભેગા થઈ ગયા હતા.

ગાંધીનગર શહેરના ગ-૫ થી ખ-૫ તરફના માર્ગ પરથી પ્રેમી અને પ્રેમીકા બાઈક પર પસાર થઈ રહ્યા હતા. બસ આ જ અરસામાં પહેલેથી જ રીક્ષામાં વાટ જોતા પ્રેમીકાના માતા-પિતા અને ભાઈ બાઈક પાછળ આવી ગયા હતા. માર્ગ પર જ બાઈક રોકાવી પ્રેમી યુવકને તું મારી છોકરી સાથે કેમ ફરે છે તેમ કહી બોલાચાલી બાદ પરિવારજનોએ ઢોર માર માર્યો હતો અને બાદમાં પ્રેમીકાને પણ લાફાલાફી કરી પરિવારજનો રીક્ષામાં નાંખી પલાયન થઈ ગયા હતા. આ ઘટનાને પગલે માર્ગો પર પસાર થઈ રહેલા લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા.

શહેરમાં આવો જ બીજો એક કિસ્સો પણ બન્યો હતો. ગાંધીનગર સિવિલ હોસ્પિટલ કેમ્પસ ઓડિટોરિયમમાં આજે સરકારી ભરતીમાં સફળ થનાર ઉમેદવારોને નિમણુંક પત્ર એનાયત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ બાદ રોડ પર પૂર્વ પ્રેમીકાને નવા પ્રેમી સાથે પ્રેમીકાનો પૂર્વ પ્રેમી જોઈ ગયો હતો આવેશમાં આવી પૂર્વ પ્રેમીએ તેણીની પૂર્વ પ્રેમીકા અને તેના નવા પ્રેમી બંનેને જાહેરમાં જ ગાળો બોલી છુટા હાથની મારામારી કરતા મોટી બબાલ થઈ ગઈ હતી. જાહેરમાં બનેલી ઘટનાથી સિવિલ કેમ્પસમાં લોકોના ટોળે ટોળાં એકઠા થઈ ગયા હતા. આ ઘટનામાં થોડીવાર બાદ ટોળાએ બધાને છૂટા પાડયા હતા. શહેરમાં પ્રેમી પંખીડાની મારામારીની ઘટનામાં કોઈ પોલિસ ફરિયાદ નોંધાઈ નથી.




## વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે સે-૨૪માં જનજાગૃતિ રેલી

દેશભરમાં તા.૨૪મી માર્ચના રોજ 'વિશ્વ ક્ષય દિવસ'ની ઉજવણી કરવામાં આવી જે અંતર્ગત ગાંધીનગરમાં પણ વિશેષ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા સેકટર-૨૪માં ઈન્દિરાનગર ખાતે 'ટીબી નાબુદી' અંગે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીને મનપાના આરોગ્ય અધિકારી ડૉ. કલ્પેશ ગોસ્વામી તથા જિલ્લા ક્ષય અધિકારી ડૉ. મીનાબેન ચૌહાણ દ્વારા લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવાયું હતું. રેલીમાં જિલ્લા ક્ષયકેન્દ્ર, મનપાના આરોગ્ય વિભાગ, નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ તથા સે-૨૪ની સરકારી પ્રાથમિક શાળા નં.૨ના બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને સે-૨૪ ઈન્દિરાનગર છાપરા વિસ્તારમાં ફરીને ટીબી મુકત શહેર તથા ટીબી મુકત રાજય અંગે સુત્રોચ્ચાર કર્યા હતા.

## ગાંધીનગરમાં ૨૮મીએ રોજગાર મેળો યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લાના યુવાધનને રોજગારી પ્રાપ્ત થાય અને પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે તે હેતુથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી ગાંધીનગર દ્વારા રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગર જિલ્લાના આઈટીઆઈ પાસ તથા ધો-૧૨ અને ગ્રેજયુએટ સહિતના યુવક યુવતીઓ ભાગ લઈ શકશે.

આગામી ૨૮મી માર્ચે સવારે ૧૧ કલાકે ઈન્ફોસીટી ટાવર-૪ ચોથોમાળ ટેક મહેન્દ્રા ખાતે ધો-૧૨ કે તેથી વધુ ભણેલા યુવકો માટે કસ્ટમર કેર એકિઝકયુટીવ તથા બેક ઓફિસર, ફસ્ટસોર્સ સોલ્યુશન લીમો-૧૯ માળ, ગીફટીસીટ ખાતે કસ્ટમર કેર એકઝીકયુટીવ તથા કોસમોસ મેન પાવર પ્રા. લી. મધુર ડેરી પાસે ક રોડ સે-૨૫ ખાતે આઈટીઆઈ તમામ ટ્રેડ પાસ યુવકો માટે ભરતી મેળો યોજાશે. ઉમેદવારોએ જણાવેલ સ્થળો પર ફકત બાયોડેટાની ઝેરોક્ષ નકલો સાથે લાવવાની રહેશે તેમ રોજગાર અધિકારીએ જણાવ્યું હતું.

# 'ગિફટ અ રન ટુ વુમન' સ્ત્રીઓના સન્માન માટે સ્ત્રીઓની દોડ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના ગિફટ સિટીના મુલાયમ અને રળિયામણાં રસ્તા પર સાયરન્સ દ્વારા વુમન્સ માટે ગિફટ એવી રનની ઈવેન્ટ યોજાઈ હતી. 'ગિફટ અ રન ટુ વુમન' ટેગ સાથે સ્ત્રીઓ પોતાના માટે પાંચ કિમી અને ૧૦ કિમીની દોડમાં ભાગ લેવા હોંશભેર આવી હતી. આ રનમાં લગભગ ૩૫૦થી વધુ વુમન્સે ભાગ લીધો હતો. ઘણા પુરુષો એમની પત્નીને પ્રોત્સાહન આપવા સાથે દોડયા તો કેટલીક મા અને દિકરીઓ સાથે દોડી હતી.






સાયરન્સની દોડને સી.આર.પી.એફ.ના કમાન્ડડેન્ટ ઈન્દ્રાણી યાદવે ખુલ્લી મુકી જયારે આ દોડમાં રેસ ડાયરેકટર તરીકે લેફટનેન્ટ ખુશાલી પુરોહીતે સેવા આપી હતી. ભારતની આ પ્રથમ એવી રન હતી કે જયાં પાંચ કિમી પણ ટાઈમ રેકોર્ડીંગ સાથે યોજાઈ હોય. સાયરન્સના ફાઉન્ડર રાહુલ શર્મા સાથે જગત કારાણી, દિલીપ શર્મા, ગૌરવ ત્રીખા, મીતા ગોયલ વગેરેએ મળીને આ સુંદર ઈવેન્ટનું આયોજન કર્યું હતું.

આ સ્પર્ધાની ૧૦ કિમી રનમાં પ્રથમ આવનાર ભૂમિકા પટેલ ગાંધીનગરની જ હતી જે ગૌરવની બાબત બની રહી. આ સ્પર્ધામાં શીના રે, સત્યમવદા રાવત, સારાહ શર્મા પાંચ કિમીમાં જયારે ભૂમિકા પટેલ, નિશા સિંગલ, વનિતા કોરાસેરી ૧૦ કિમી દોડમાં વિજેતા થયા હતા. આ વિજેતાઓને ટ્રોફી મેડલ સાથે બિલ્ડર જગત કારાણી, સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત, ઈન્દ્રાણી યાદવ, કલ્પેશભાઈ અને રાહુલ શર્માના હસ્તે સન્માનિત કરાયા હતા.

સાયરન્સ સ્ત્રીઓ પોતાની હેલ્થ માટે જાગૃત થાય અને ઘર બહાર નીકળી ખુલ્લી હવામાં પોતાના સન્માન માટે દોડે એ માટે બીજી ઈવેન્ટ કરવાની ઈચ્છા રાહુલ શર્માએ વ્યકત કરી હતી. ગિફટ સિટીમાં 'ગિફટ અ રન ટુ વુમન' એક અનોખો અને રોમાંચક અનુભવ દરેક સ્ત્રીઓ માટે બની રહ્યો જયાં બધાને મેડલ અપાયા હતા.

## ચિરવિદાય

- સ્વ. સોનલબેન રોહિતજી ઠાકોર, ઉ.વ. ૧૮
- સ્વ. પ્રજાપતિ દ્વારકાદાસ કાળીદાસ, ઉ.વ. ૬૦
- સ્વ. સુથાર મનહરલાલ ઈશ્વરલાલ, ઉ.વ. ૭૭